પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૯/કવા–૦૪/૧૮–૧૯/ 2322 5 તા. 27-3-19

રજી. એડી પત્ર

પ્રતિ,
સુરેશભાઈ પોલાભાઈ ખુટી,
સુર્યનગર સોસાયટી, વાંદરી ચોક,
છાયા
પોરબંદર
પીનકોડ-360578
મો:૯૯૭૮૭૮૦૮૮૮, ૯૪૨૮૨ ૪૯૮૮૮

**વિષય :–ઓર્દ્યોગીક વીજ જોડાણ આપવા બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. નીલ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૩૯/કવા–૦૪/૧૮–૧૯ )**

**શ્રીમાન,**

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

**જે આપને સુવિદીત થાય. આભાર સહ.,**

આપનો વિશ્વાસુ

**(સી.જે.ગજેરા)**
**કા.વા. કન્વીનર**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.**

**બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)** 2 A

**નકલ રવાના :**
**(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી ,પોરબંદર**
**(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ,માંગરોલ**
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
**(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર પેટા વિભાગીય કચેરી, માંગરોળ**

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
E-Mail- forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૯/કવા–૦૪/૧૮–૧૯/ ૨૩૪૨-૬ તા. ૨૧-૩-૧૯.

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૩૯/કવા–૦૪/૧૮–૧૯

અરજદાર: સુરેશભાઈ પોલાભાઈ ખુટી ગામ: પોરબંદર
રજૂઆત કરનાર: અરજદાર સુરેશભાઈ પોલાભાઈ ખુટી હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ,માંગરોલ |
| રજૂઆત કરનાર: | કાર્યપાલક ઈજનેર – પી.જી.જોશી હાજર રહેલ છે. |

## :: ફોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી
૩) મેમ્બર ટેકનીકલ – એન.ડી.ધામેલીયા

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | પીજીવીસીએલ., વર્તુળ કચેરી, જુનાગઢ |
| તારીખ: | ૧૯/03/૨૦૧૯ |

૧.૦ **સદર કેસની સુનાવણી તા. ૧૯/૦૨/૨૦૧૯ ના રોજ નક્કી કરવામાં આવેલ. જેથી તા. ૧૯/૦૩/૨૦૧૯ ના રોજ સુનાવણી કરવામાં આવેલ.**

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર સુરેશભાઈ પોલાભાઈ ખુટી, ગામ:પોરબંદર તેઓની અરજી ના નોંધણી નંબર :૩૯/કવા–૦૪/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓએ નવા ૩૮ કીવો ના ઔદ્યોગીક વીજજોડાણ મેળવવા માટે તા.૦૮–૦૧–૧૬ ના રોજ માંગણી કરેલ – જે અન્વયે ભાવપત્રક તા.૦૪–૦૩–૧૬ થી રૂ.૧,૫૦,૦૧૧/–અપાયેલ – જે તા.૦૪–૦૩–૧૬ ના રોજ ભરપાઈ કરાયેલ હતુ, ત્યારબાદ પીજીવીસીએલ દ્વારા નવુ વીજજોડાણ આપવાની કાર્યવાહી શરૂ કરવામા આવતા – આસપાસ ના રહીશો દ્વારા ખોટી રીતે વાંધો લેવામા આવેલ – જેથી, અરજદાર પોતાના ખર્ચે પોલીસ રાખીને કામગીરી કરવા તા.૧૩–૧૨–૧૬ ના રોજ કરવા જતા – ફરીથી વાંધો લેતા – નાયબ ઈજનેર શ્રી દ્વારા રોજકામ કરીને કામગીરી કરેલ ન હતી. સદર તકારાર પેટા વિભાગીય કચેરી દ્વારા સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ કેશોદ ને મોકલાવેલ હતી. જે અન્વયે તા.૦૬–૦૬–૧૭ ના રોજ રૂબરૂ સ્થળ ની મુલાકાત લીધેલ – જેમા આસપાસ ના રહીશો દ્વારા – માનનીય ગુજરાત હાઈકોર્ટ મા સદર બાબતે પી.આઈ.એલ. કરેલ હોય – તેવુ જણાવતા – શહેર પેટા વિભાગીય કચેરી, માંગરોળ દ્વારા

તા.૧૧ –૦૬–૧૯ ના રોજ થી જાણકારી આપેલ. માન. ગુ.હાઈકોર્ટ દ્વારા તા.૨૮–૧૧–૧૯ ના રોજ પી.આઈ.એલ. નો ચુકાદો તેઓની તરફેણ મા આવેલ છે. તેમ – સદર બાબત ની જાણકારી ની શહેર પેટા વિભાગીય કચેરી, માંગરોળ ને જણાવેલ હોવા છતા – વીજજોડાણ આપવાની કામગીરી શરૂ કરેલ નથી. જેથી – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની મુદદા નં. ૨.૦ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી સુરેશભાઈ પોલાભાઈ ખુંટી ગામ. માંગરોળ તા. માંગરોળ **દ્વારા** પેટા વીભાગીય કચેરી માંગરોળ શહેર મુકામે નવા ઓધોગિક વિજ જોડાણ અંગેની માંગણી કરેલ.

૩.૧ **અરજદાર શ્રી** ખુંટી સુરેશભાઈ પોલાભાઈ , સર્વે નં. ૫૩/પી૧/પી૧ ગામ: માંગરોળ તા. માંગરોળ **ખાતે** ઓધોગિક વિજ જોડાણ ૫૦ હો.પા માટે , એસ.આર.નં. : ૭૫૩૬૩૪૭ તા ૦૩-૧૨-૨૦૧૫ થી **અરજી ની નોંધણી કરાયેલ હતી. જે અનુસંધાને –** અંદાજપત્ર તા.: ૦૪-૦૩-૨૦૧૬ **ના રોજ અપાયેલ – જે અરજદાર દ્વારા** તા. : ૦૪-૦૩-૨૦૧૬ **ના રોજ ભરપાઈ કરેલ તેમજ તેનુ** એગ્રીમેન્ટ તા. ૦૫-૦૩-૨૦૧૬ **ના રોજ કરાયેલ હતુ.**

૩.૨ અરજદાર દ્વારા અત્રેની કચેરી એ નિયમ મુજબ અંદાજપત્ર ભરપાઈ થતા કંપનીના નિયમ અનુસાર લાઈન કામના **કોન્ટ્રાકટશ્રી ને લાઈન કામગીરી સોપવામાં આવેલ જેના અનુસંધાને ૧૧ કે.વી. નવી લાઈન કરવાની કામગીરી ચાલુ કરવા જતા - ત્યાના સ્થાનિક ખેડૂતો દ્વારા લેખિત મા વાંધા અરજી આપી કામની અટકાયત કરેલ**

૩.૩ **ત્યારબાદ જે-તે સમયે સ્થળ પર અત્રેની કચેરીના અધિકારી દ્વારા સમજાવટ રૂપી પ્રયત્ન કરેલ તે ઉપરાંત પોલીસ પ્રોટેક્શન સાથે પણ પ્રયત્ન કરવા છતાં આ કામગીરી કરવા દીધેલ ન હતી.**

૩.૪ **સદર વીજજોડાણની લાઈન ઉભી કરી શકાય તે હેતુ થી સદર કેઈસ ડેપ્યુટી કલેકટર શ્રી ની કચેરી કેશોદ ખાતે તેમની મંજૂરી અર્થે** તા-૬/૬/૨૦૧૭ તબદીલ કરેલ.

૩.૫ **વાન્ધેદારો દ્વારા P.I.L. દાખલ કરવામાં આવેલ. અને જે માનીનીય હાઈકોર્ટ દ્વારા તેમની P.I.L. નામંજુર કરવામાં આવેલ છે આથી અત્રેની પે.વિ.કચેરી દ્વારા પોલીસ બંદોબસ્ત માટે જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી જુનાગઢ ને પત્ર નં: ૪૭૧ તા:૧૧/૩/૨૦૧૯થી પોલીસ બંદોબસ્ત માંગવામાં આવેલ છે. .જેમના દ્વારા બદોબસ્ત ની ફાળવણી થયે જરુરી લાઈનકામ ની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.**

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ પેરા નં ૨.૦ **અને** પેરા નં ૩.૦ થી ૩.૫ અન્વયે – અરજદાર ના નવા ૩૮ કીવો ના ઓર્દ્યોગીક વીજજોડાણ માટે પીજીવીસીએલ દ્વારા રૂ.૧,૫૦,૦૧૧/– નુ ભાવપત્રક તા.૦૪–૦૩–૧૬ થી અપાયેલ હતુ. જે અન્વયે વીજલાઈન ની કામગીરીમાં વાંધેદારો દ્વારા વાંધો લેતા કામગીરી થઈ શકેલ ન હતી. જે અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કેશોદ ને તા.૦૮–૦૧–૧૭ થી કેઈસ ને રીફર કરેલ. જે અન્વયે તા.૦૬–૦૬–૧૭ ના રોજ સ્થળ પર રૂબરૂ મુલાકાત લીધેલ – જેમા આસપાસ ના રહીશો દ્વારા માન. ગુજરાત હાઈકોર્ટ મા સદર બાબતે P.I.L. દાખલ કરવામાં આવેલ હોય – તે બાબતે શહેર પેટા વિભાગીય કચેરી માંગરોળ દ્વારા તા.૧૧–૦૬–૧૮ થી જાણકારી અરજદારને આપેલ. સદર કિસ્સામાં, શ્રી યુસુફભાઈ કાસમભાઈ ચુડાલી – વિરૂધ્ધ – State of Gujarat દ્વારા P.I.L. નં.–૦૩/૨૦૧૭, સીવીલ એપ્લીકેશન ૦૧ અને ૦૨ /૨૦૧૭ ના ઓરલ ઓર્ડર – તા.૨૮–૧૧–૧૮ મુજબ – સદર પીટીશન ને '' DISMISS '' કરાયેલ છે.

૪.૨ ઉપરોકત બાબતે – શહેર પેટા વિભાગીય કચેરી, માંગરોળ દ્વારા પોલીસ બંદોબસ્ત માટે જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી જુનાગઢ ને પત્ર નં: ૪૭૧ તા:૧૧/૩/૨૦૧૯ થી પોલીસ બંદોબસ્ત માંગવામાં આવેલ છે. આ પોલીસ બંદોબસ્ત ની

ફાળવણી થયે, પીજીવીસીએલ દ્વારા તાત્કાલીક અસરથી લાઈનકામ કરવાની કામગીરી   અત્રેના ફોરમ ના જાણકારી હેઠળ – પૂર્ણ કરવા માટે – આ તબક્કે જરૂરી સુચના આપવામા આવે છે.

૪. અરજદારની ફરિયાદનો આ તબક્કે નિકાલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (જે.બી. પારેખ) | (એન. ડી. ધામેલીયા) |
| **સ્વતંત્ર સભ્ય** | **ચેરપર્સન** | **સભ્ય (ટેક)** |
| **ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ** | **ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ** | **ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ** |

નોધ:

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯